દેશભરમાં કાતિલ ઠંડીનું મોજુ

લેહમાં લઘુતમ તાપમાન માઈનસ ૧૭.૨ ડિગ્રી થયુ : ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં ધુમ્મસથી જનજીવન ઠપ

શ્રીનગર, નવી દિલ્હી, તા.૨૨

ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં કાતિલ ઠંડી પડી રહી છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણાની સાથે સાથે જમ્મુ કાશ્મીર અને હિમાચલમાં ઉંચાણવાળા વિસ્તારોમાં હિમ વર્ષાના કારણે તીવ્ર ઠંડીનું મોજું ફળી વળ્યું છે. જમ્મુ કાશ્મીરમાં કાશ્મીર ખીણમાં હિમવર્ષાના કારણે ચારે બાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. ઉત્તર કાશ્મીરમાં ગુલમર્ગ સ્કીઇંગ રિસોર્ટ અને દક્ષિણ કાશ્મીરમાં પહેલ ગામ ઉપરાંત ખીણના અન્ય વિસ્તારોમાં ભારે હિમવર્ષાના કારણે પારો ખૂબ જ નીચે ગળી ગયો છે. ગુલમર્ગમાં પારો શૂન્યથી ૧૦ ડિગ્રી નીચે પહોંચી ગયું છે. ચંદીગઢથી પ્રાપ્ત અહેવાલ મુજબ પંજાબ અને હરિયાણાના જુદા જુદા ભાગોમાં પણ તીવ્ર ઠંડી પડી રહી છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં પણ ઠંડીનો પ્રકોર જોવા મળી રહ્યો છે જેના કારણે વાહન વ્યવહાર અને રેલવે ટ્રાફિકને માઠી અસર થઈ છે. ચંદીગઢથી પ્રાપ્ત અહેવાલ મુજબ હરિયાણાના નારનોલમાં તાપમાન ૩.૫ ડિગ્રી થઈ ગયુ છે જે સામાન્ય કરતા ત્રણ ડિગ્રી ઓછુ તાપમાન છે. અહીં રાત્રે તાપમાન ૬.૫ ડિગ્રી નોંધાયુ હતુ. પંજાબમાં લુધિયાના ખાતે ૫.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. ચંદીગઢમાં ૬.૯ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. હરિયાણાના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા ઓછુ નોંધાયુ છે. હિમાચલમાં ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. લખનૌથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઉત્તરપ્રદેશમાં ૮૪ ટ્રેનોને ધુમ્મસના કારણે અન્યત્ર વાળવામાં આવી છે. ધુમ્મસના કારણે આ ૮૪ ટ્રેનો મોડેથી દોડી રહી છે. મોટાભાગની ટ્રેનો પાંચથી છ કલાક મોડે દોડી રહી છે જેમાં ત્રિવેણી એક્સપ્રેસ, ગરીબરથ, અવધ આસામ એક્સપ્રેસ, ગંગા સતલજ એક્સપ્રેસ અને શહીદ એક્સપ્રેસનો સમાવેશ થાય છે. લખનૌ, કાનપુર અને અલ્હાબાદમાં તાપમાન પાંચ ડિગ્રીની આસપાસ પહોંચ્યુ છે. લખનૌમાં તાપમાન પાંચ ડિગ્રી જ્યારે અલ્હાબાદ અને કાનપુરમાં ક્રમશઃ ૫.૪ અને ૫.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. મુજફ્ફર નગરમાં ૨.૭ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. નજીબાબાદમાં ૩.૫ ડિગ્રી તાપમાન થયુ છે. રાજસ્થાનના ઘણા ભાગોમાં પણ તાપમાન પાંચથી સાત ડિગ્રી વચ્ચે નોંધાયુ છે. હવામાન ખાતાએ આગાહી કરતા કહ્યું છે કે જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પણ પારો શૂન્યથી આઠ ડિગ્રી નીચે પહોંચી ગયો છે. સમગ્ર ખીણમાં લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી શૂન્યથી નીચે પહોંચ્યું છે. જ્યારે લેહમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. અહીં તાપમાન માઈનસ ૧૭.૨ ડિગ્રી નોંધાયું છે. કારગીલમાં પણ માઈનસ ૧૦ ડિગ્રીથી નીચે તાપમાન પહોંચી ગયું છે. ખીણમાં આ વર્ષે બરફની ચાદર છવાઈ ગઈ હોવાથી પ્રવાસીઓમાં ઘસારો થઈ રહ્યો છે. નવેમ્બરના અંતિમ સપ્તાહમાં અને ડિસેમ્બરની શરૂઆતમાં ઊંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. હજુ પણ ભારે હિમવર્ષાની આગાહી કરવામાં આવી છે. ભારે હિમવર્ષાના કારણે આ સિઝનમાં ગુલબર્ગમાં સ્કીઇંગ અને બરફ ઉપર સ્કેટીંગ જેવી ઠંડીમાં રમાતી રમતનું આયોજન કરવામાં આવે છે. આ રમતોને જોવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. વૈષ્ણવદેવી યાત્રાધામના આસપાસના વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે.

સમાચાર ઝલક

- ‘દબંગ-૨’ ફિલ્મે રજૂ થતાં પહેલાં જ જુદા જુદા અધિકારો વેચી ૧૦૭ કરોડની કમાણી કરી.
- પરમાણુ સક્ષમ પૃથ્વી-૨ મિસાઇલનું પરિક્ષણ થયું.
- સૈફ અલી ખાન સામે મારામારીના મામલે ચાર્જશીટ રજૂ કરતી પોલીસ.
- ટી.વી. પર ચૂંટણી ચર્ચામાં સંજય નિરૂપમ અને સ્મૃતિ ઇરાની વચ્ચે વિવાદ સર્જાયો.
- નરેન્દ્રભાઇ મોદી રાષ્ટ્રીય સ્તરે ભાજપના પ્રચારકનું સુકાન સંભાળે તેવી શક્યતા.
- જૂનાગઢમાં બેતલીયા દાદાની જગ્યાના મહંતની ફિલ્મી ઢબે હત્યા.
- મોરબી પાસે ખાનગી બસ પલ્ટી જતાં પાંચના મોત, ૨૫ વ્યક્તિ ઘાયલ.
- ૨૦૧૨માં બેંકિંગ ક્ષેત્રમાં સૌથી વધુ તકો ઊભી થશે, ભરતીની પ્રક્રિયા તીવ્ર બનશે.
- બળાત્કારીઓને મૃત્યુદંડ એ સમસ્યાનો કાયમી ઉકેલ નથી, પૂર્વ જજનું મંતવ્ય, જનજાગૃતિ કેળવવી જરૂરી.
- પૂર્વ મુખ્યમંક્ષી મધુ કાંડાએ કરી ૧૫ અબજ રૂપિયાની ટેક્સ ચોરી.
- શિરડીના સાંઇબાબા મંદિરને બોંબથી ઉડાવી દેવાની ધમકી.
- વિશ્વભરમાં ફરીથી આર્થિક મંદીના ભણકારા.
- ગુજરાતની ચૂંટણી અંગે ઇન્ટરનેશનલ મીડિયા, ન્યૂયોર્ક ટાઇમ્સ, રોઇટર, પાકિસ્તાની સમાચાર સંસ્થાઓએ નોંધ લીધી.
- અમેરિકી પ્રમુખ ઓબામા વર્ષ ૨૦૧૨ની શ્રેષ્ઠ હસ્તી જાહેર.
- ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય : અભ્યાસનું તારણ.
- રાજકોટમાં દર્દી પાસે ૧ લાખ રૂા. લેતાં ડોકટર ચોપડે તો ૧૫ હજાર બતાવતા હતા. ઇન્કમટેક્સના સર્વેમાં ખુલી વિગતો.

દિલ્હી ગેંગ રેપ કેસ : શિંદેની વડાપ્રધાન સાથે લાંબી ચર્ચા

નવી દિલ્હી, તા.૨૨

વડાપ્રધાન મનમોહનસિંહ પણ દિલ્હીમાં ગેંગરેપના મામલાથી હચમચી ઉઠ્યા છે. આ મામલાને લઈને પ્રચંડ વિરોધ થઈ રહ્યો છે ત્યારે વડાપ્રધાને દિલ્હીમાં સુરક્ષાની ખાતરી કરવા ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેને આદેશ કર્યો છે અને કહ્યુ છે કે ગયા રવિવારે બનેલા બનાવ જેવા બનાવો ફરી ન બને તે તરફ ધ્યાન આપવામાં આવે તે ખુબ જરૂરી છે. આ આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે દિલ્હીમાં વ્યાપક દેખાવો થઈ રહ્યા છે. શિંદે ગેંગરેપના બનાવ બાદ ઉભી થયેલી પરિસ્થિતિ પર ચર્ચા કરવા આજે વડાપ્રધાનને મળ્યા હતા એ જ વેળા શિંદેને વડાપ્રધાને આ આદેશ કર્યો હતો. શિંદેએ એમ કહ્યુ હોવાનું જાણવા મળ્યુ છે કે તેઓ અંગતરીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. વડાપ્રધાનને શિંદેને કાયદો અને વ્યવસ્થા પર નજર રાખવા સૂચના આપી છે. ગૃહપ્રધાનની આ તમામ જવાબદારી હોવાનું પણ કહેવામાં આવ્યું છે. આવા બનાવો ફરી ન બને તે માટે પણ કડક સૂચના આપવામાં આવી છે.

કાવેરી વિવાદ કેન્દ્ર પર જયલલિતાનું તીવ્ર દબાણ

નવી દિલ્હી, તા. ૨૨

તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ આજે કેન્દ્ર સરકાર પર જોરદાર દબાણ વધાર્યુ હતુ. તમિળનાડુએ કાવેરી સત્તાના અંતિમ આદેશને યોગ્ય ગણવાની માંગ કરવા કેન્દ્ર પર દબાણ વધાર્યુ હતુ. રાજ્યમાં દુષ્કાળની સ્થિતિમાંથી લોકોને રાહત મળે તથા ઉભા પાકને બચાવી શકાય તે માટે કર્ણાટકમાંથી નિયમિતરીતે પાણી મળે તેવી રજુઆત જયલલિતા દ્વારા કરવામાં આવી છે. જયલલિતાએ એક સપ્તાહથી પણ ઓછા સમયમાં વડાપ્રધાન મનમોહનસિંહને બીજી વખત પત્ર લખ્યો છે અને કહ્યુ છે કે આ વર્ષે અમને કર્ણાટક પાસેથી પોતાના હિસ્સાના પાણી માટે પણ મુશ્કેલીનો પણ સમાનો કરવો પડી રહ્યો છે પરંતુ આટલા પ્રયાસો છતા પણ કર્ણાટક કાવેરી નદીના પાણીનો ઉપયોગ કરી રહ્યુ છે. જયલલિતાએ કેન્દ્ર સરકાર પર તીવ્ર દબાણ વધારી દીધુ છે.

ભાજપ ૧૫ સબસિડીવાળા ગેસ સિલિન્ડરો પૂરા પાડશે

ભોપાલ, તા.૨૨

ભાજપના રાજ્યસભાના સાંસદ અને પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રકાશ જાવડેકરે આજે કહ્યુ હતુ કે જો ભાજપ સત્તા પર આવશે તો સબસિડી વાળા ૧૫ રાંધણગેસ સિલિન્ડરો ઉપલબ્ધ કરાવવામાં આવશે. હાલમાં જ યુપીએ સરકારે સબસિડી વાળા સિલિન્ડરોની સખ્યા એક વર્ષમાં એક પરિવારને ઘટાડીને છ કરી દીધી છે. જો કે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં નવ કરવામાં આવી છે. હવે જાવડેકરે કહ્યુ છે કે જો ભાજપ સત્તામાં આવશે તો તે સબસિડી વાળા ૧૫ સિલિન્ડરો ઉપલબ્ધ કરાવશે. સંસદનું શિયાળુ સત્ર મહત્વપૂર્ણ મુદ્દાઓ વગર જ પૂર્ણ થઈ ગયુ છે. દેશની ફુગાવા અને ભ્રષ્ટાચાર અંગે જવાબની જરૂર હતી પરંતુ આ સંબંધમાં કેન્દ્રએ કોઈ વાત કરી ન હતી. જાવડેકરે દાવો કર્યો હતો કે ઘણા પરિવારો તેમના સબસિડી વાળા ગેસ સિલિન્ડરવાળા ક્વોટાથી ભારે નારાજ છે. લોકોને પ્રતિ સિલિન્ડર એક હજાર રૂપિયા ચુકવવાની ફરજ પડી રહી છે. સિલિન્ડરોની સંખ્યા વધારીને નવ કરવાની વાત થઈ રહી છે. આમાં ગુંચવણ શા માટે છે. જાવડેકરે ઉમેર્યુ હતુ કે સરેરાશ પરિવારને ૧૫ ગેસ સિલિન્ડરના ક્વોટાની જરૂર પડે છે. જો યુપીએ આ સંખ્યા ફાળવવાં નિષ્ફળ છે તો ભાજપ કેન્દ્રમાં સત્તા પર આવશે તો સબસિડી વાળા ૧૫ ગેસ સિલિન્ડરો ઉપલબ્ધ કરાવશે. જાવડેકરે એવો દાવો પણ કર્યો હતો કે જ્યારે અટલબિહારી વાજપેઈની સરકાર સત્તા પર હતી ત્યારે ખાદ્યતેલની કિંમત ૩૦ રૂપિયા હતા. આજે ખાદ્યતેલની આયાત કરવાની પણ ફરજ પડી રહી છે. આજે ૬૦૦૦૦ કરોડની કિંમતનું ખાદ્યતેલ આયાત કરવાની ફરજ પડી રહી છે જે દેશના કુલ વપરાશ કરતા ૫૦ ટકાની આસપાસ છે. અમે પહેલાથી જ ૮૦ ક્રુડની આયાત કરી રહ્યા છે. હવે ૫૦ ટકા ખાદ્યતેલની પણ આયાત થઈ રહી છે. ખાંડ કિંમતો દર મહિને વધી રહી છે. ભાજપના પ્રવક્તાએ ઉમેર્યુ હતુ કે ભાવ વધારાનો કોંગ્રેસ પાસે કોઈ જવાબ નથી.

નિકાસને પ્રોત્સાહન આપવા ટૂંકમાં નવા પગલાંઓ જાહેર

નવી દિલ્હી, તા.૨૨

સરકારે ખાતરી આપી છે કે નિકાસકારોને મુશ્કેલ તબક્કામાંથી બહાર કાઢવા માટે ટૂંક સમયમાં નવી પહેલની જાહેરાત કરવામાં આવશે. તેમના માટે નવા પગલાં જાહેર કરવામાં આવશે. વૈશ્વિક મંદીના કારણે નિકાસમાં હાલ ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં સરકાર તેમને વધુ રાહત આપવાની યોજના ધરાવે છે. વાણિજ્યના ઉદ્યોગ પ્રધાન આનંદ શર્માએ ખાતરી આપતા કહ્યું છે કે નિકાસકારોને ટેકો આપવાના પગલાં સોમવારે જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. એપ્રિલ-નવેમ્બરના ગાળા દરમિયાન દેશની નિકાસ ૫.૯૫ ટકા ઘટીને ૧૮૯.૨ અબજ ડોલર થઈ ગઈ છે. આનંદ શર્માએ સરકાર-ઈન્ડસ્ટ્રીની સંયુક્ત બેઠકનું નેતૃત્વ કરતા જણાવ્યું હતું કે આર્થિક મોરચે વિકાસની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી ચૂકી છે. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા પ્રધાને કહ્યું હતું કે ઉદ્યોગે ક્રેડીટના ખર્ચ અને મેન્યુફેક્ચરીંગના વધતા ખર્ચને લઈને ચિંતા વ્યક્ત કરી છે. ઈન્ડસ્ટ્રીએ જુદા જુદા મુદ્દાઓને લઈને પોતાની ચિંતા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય સમક્ષ રજૂ કરી દીધી છે.

ઈન્ડસ્ટ્રીએ ઘણી બધી માગણી પણ કરી છે. ઈન્ડસ્ટ્રી દ્વારા જે મુદ્દા પર તેમની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે તેમાં કાચી સામગ્રીની ઉપલબ્ધતા, પરિવહન ખર્ચ, મેન્યુફેક્ચરીંગના વધતાં જતા ખર્ચ, લોનની ફાળવણી, નબળા મૂડી પ્રવાહનો સમાવેશ થાય છે. નિકાસકારોનું કહેવું છે કે આ તમામ સમસ્યાને વહેલી તકે દૂર કરવામાં આવે તે જરૂરી છે. આ તમામ સમસ્યાને દૂર કરીને નિકાસને વેગ આપી શકાય છે.

આનંદ શર્માએ નેશનલ મેન્યુફેક્ચરીંગ પોલીસી અંગે કહ્યુંહતું કે મેન્યુફેક્ચરીંગ ફેક્ચરની સ્થિતિની સમીક્ષા કરવા નજીકના ભવિષ્યમાં મેન્યુફેક્ચરીંગ ઈન્ડસ્ટ્રી પ્રમોશન બોર્ડની પ્રથમ બેઠક યોજવામાં આવશે. તેમને ઉદ્યોગને એવી માહિતી આપી હતી કે ગ્રીન મેન્યુફેક્ચરીંગ કમીટિ દ્વારા જુદા જુદા પાસામાં ચર્ચા કરવામાં આવનાર છે. શર્માએ એમ પણ કહ્યું હતું કે મંત્રાલય સેજ પોલીસીને પુન સજીવન કરવાના પગલાંની પણ જાહેરાત કરશે.

દિલ્હી ગેંગરેપ : દેખાવકારો ઉપર પોલીસે કરેલો જોરદાર લાઠીચાર્જ

પાણીનો મારો પણ ચલાવવામાં આવ્યો, અનેકને ઇજા : ઇન્ડિયા ગેટ સામે દેખાવમાં પૂર્વ સૈના વડા જોડાયા

નવી દિલ્હી, તા. ૨૨

દિલ્હીમાં ૨૩ વર્ષીય વિદ્યાર્થીની પર ગેંગરેપના મામલાએ હવે દેશભરમાં ભારે ચર્ચા જગાવી છે. આજે સવારે ગેંગરેપની શિકાર બનેલી આ વિદ્યાર્થીની માટે ન્યાયની માગણી કરીને રાષ્ટ્રપતિ ભવન તરફ હજારોની સંખ્યામાં લોકોએ આગેકૂચ કરી હતી. આ આગેકૂચ દરમિયાન સ્થિતિ વધુ વણસે તે પહેલાં જ દિલ્હી પોલીસે જોરદાર લાઠીચાર્જ અને પાણીનો મારો ચલાવ્યો હતો જેમાં ઘણી મહિલાઓને ઈજા થઈ હોવાનું પણ જાણવા મળ્યું છે. ઈન્ડિયા ગેટ ખાતે પણ જોરદાર દેખાવો થઈ રહ્યા છે. દેશના અન્ય ભાગોમાં પણ આ બનાવને લઈને ભારે આક્રોશ દેખાઈ રહ્યો છે. પોલીસે ઘણી મહિલાઓ સહિત દેખાવકારોની અટકાયત કરી છે. રાષ્ટ્રપતિ ભવન તરફ જતા માર્ગોને બ્લોક કરી દેવામાં આવ્યો હતો. જો કે દેખાવકારોએ આની ચિંતા કર્યા વગર હિંસક દેખાવો જારી રાખ્યા હતા. ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવતા વિસ્તારોને છોડવાનો દેખાવકારોએ ઇન્કાર કર્યો હતો. આખરે પોલીસે સૌથી પહેલાં પાણીનો મારો ચલાવવાની ફરજ પડી હતી. ત્યારબાદ લાઠીચાર્જ પણ કરવાની ફરજ પડી હતી. પોલીસે બળનો ઉપયોગ કરતા આક્રોશ વધી ગયો હતો. યુવતીઓ સામે ટીયર ગેસના સેલનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. એક મહિલાને ઘાયલ થતાં હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. દેખાવકારોએ એક પોલીસની ગાડીને પણ નુકસાન પહોંચાડયું હતું. અગાઉ સવારે સૈંકડો વિદ્યાર્થીનીઓ રાષ્ટ્રપતિ ભવન તરફ આગેકૂચ કરી હતી. સતત છઠ્ઠા દિવસે દેખાવોનો દોર જારી રહ્યો હતો. ઈન્ડિયા ગેટ ખાતે દેખાવમાં સૈનાના ભૂતપૂર્વ વડા વી કે સિંહ પણ જોડાયા હતા. આજે સવારે ઈન્ડિયા ગેટ સાથે હજારોની સંખ્યામાં યુવાનો ભેંગા થયા હતા અને રેસિંગ હિલ તરફ રાજપથ મારફતે આગેકૂચ કરી હતી. અહીં રાષ્ટ્રપતિ ભવન, વડાપ્રધાનની ઓફિસ અને ગૃહમંત્રાલયની ઓફિસ આવેલી છે. રાજપથ ખાતે સુરક્ષા વ્યવસ્થાની પણ ચિંતા કરવામાં આવી ન હતી.

વધુ કઠોર કાયદા માટે ખાસ સત્ર બોલાવવા વડાપ્રધાનને અનુરોધ

નવી દિલ્હી, તા.૨૨

ભાજપના વરિષ્ઠનેતા સુષ્મા સ્વરાજે મહિલાઓ સામે ઘૃણાસ્પદ ગુનાઓ બદલ મૃત્યુદંડની સજાની જોગવાઈઓ કરવા પ્રવર્તમાન કાયદાઓમાં સુધારા કરવાના હેતુસર સંસદનું ખાસ સત્ર બોલાવવા આજે વડાપ્રધાન મનમોહનસિંહને અપીલ કરી હતી. સુષ્મા સ્વરાજે કહ્યુ હતુ કે તેઓએ હાલમાં જ વડાપ્રધાન સાથે વાતચીત કરી છે અને વિનંતી કરી છે કે મહિલાઓ સામે ગુનાઓ બદલ વધુ કઠોર સજા માટે જોગવાઈના હેતુસર કાયદાઓમાં સુધારા કરવા સંસદનું ખાસ સત્ર બોલાવવામાં આવે તે જરૂરી છે. સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર પર સુષ્મા સ્વરાજે કહ્યુ છે કે વડાપ્રધાને કહ્યુ છે કે આ સુચન પર વિચારણા કરવામાં આવશે. લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યુ છે કે દેશભરમાં દિલ્હીમાં બનેલા બનાવને લઈને આક્રોશ વાજબી છે. દિલ્હીમાં ૨૩ વર્ષિય પેરા મેડિકલની વિદ્યાર્થિની પર ચાલતી બસમાં સામુહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. સુષ્માએ કહ્યુ હતુ કે દેશના લોકો અપરાધીઓને વહેલીતકે અતિ કઠોર સજા કરવાની માંગ કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તેઓ પોતે પણ ૧૮મી ડિસેમ્બરના દિવસે લોકસભામાં માંગ કરી ચુકયા છે કે બળાત્કારીઓને મૃત્યુદંડની સજા થવી જોઈએ. આ સંબંધમાં અન્ય બિલને પણ લાવવાની વાત થઈ રહી છે.

રશિયાની સાથે વધુ સુખોઈ સમજૂતિ કરવા ભારત તૈયાર

નવી દિલ્હી, તા.૨૨

ભારત અને રશિયા શ્રેણીબદ્ધ સંરક્ષણ સમજૂતિઓ પર હસ્તાક્ષર કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન ૨૪મી ડિસેમ્બરના દિવસે ભારતની ઐતિહાસિક યાત્રાએ પહોંચી રહ્યા છે. તેમની યાત્રા દરમિયાન ચાર અબજ ડોલરથી વધુ કિંમતની સમજૂતિઓ પર હસ્તાક્ષર કરવામાં આવે તેવી શક્યતા છે. આ યાત્રા દરમિયાન રશિયા સાથે વધુ સુખોઈ સમજૂતિ પર પણ સહિ સિક્કા કરવામાં આવશે. ૨૩૦ સુખોઈ-૩૦ એમકેઆઈ ફાઈટર વિમાન ધરાવનાર ભારતીય હવાઈદળ ૪૨ વધારાના ફાઈટર જેટ માટે ૩.૭૭ અબજ ડોલરની સમજૂતિ કરે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતે દુર્ઘટનામાં ત્રણ સુખોઈ વિમાનો ગુમાવ્યા છે. એપ્રિલ ૨૦૦૯માં પ્રથમ સુખોઈ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયુ હતુ જ્યારે નવેમ્બર ૨૦૦૯માં બીજુ સુખોઈ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયુ હતુ. ડિસેમ્બર ૨૦૧૧માં ત્રીજુ વિમાન તૂટી પડ્યુ હતુ. પ્રથમ બનાવમાં આઈએએફના બે પાઈલોટો માર્યા ગયા હતા. જ્યારે બીજા અને ત્રીજા બનાવમાં બે-બે પાઈલોટો સહેજમાં બચી ગયા હતા. નવી દિલ્હી આ યાત્રા દરમિયાન અન્ય મહાકાય સમજૂતિઓ કરવા માટે પણ આશાવાદી છે જેમાં પલ્એમાઈ-૧૭ વી પાંચ ફાઈટર હેલિકોપ્ટરની સમજૂતિનો સમાવેશ થાય છે. આઈએએફ દ્વારા આ હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય સંરક્ષણ સાધનો માટે પણ સમજૂતિ કરવામાં આવનાર છે. એવી પણ શક્યતા છે કે ભારત એડમિરલ ગોર્સકોવના સંબંધમાં રજુઆત કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓક્ટોબરમાં ભારત સરકારે ટી-૯૦ મુખ્ય લડાયક ટેન્ક માટે ૨૫૦૦૦ મિસાઈલોની ખરીદી માટે પણ મંજુરી આપી હતી.

પાકિસ્તાન સામે રમાનારી શ્રેણી માટે ભારતીય ટીમની આજે પસંદગી

મુંબઈ, તા. ૨૨

પાકિસ્તાન સામે રમાનારી મર્યાદિત ઓવરની શ્રેણીમાંથી ભારતીય ટીમની આવતીકાલે પસંદગી કરવામાં આવનાર છે. રાષ્ટ્રીય પસંદગીકારોની બેઠક આવતીકાલે મુંબઈમાં મળશે જેમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવનાર છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરની પસંદગી કરવામાં આવે કે કેમ તેને લઈને પસંદગીકારો પણ ખુબ જ મુશ્કેલમાં મુકાઈ ગયા છે. સચિન તેન્ડુલકર ખુબજ ખરાબ ફોર્મમાં ચાલી રહ્યો છે. તાજેતરમાં જ રમાયેલી ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાં તે ખુબજ ખરાબ ફોર્મમાં રમ્યો હતો અને છ ઈનિંગ્સમાં માત્ર એક અડધી સદી કરી શક્યો હતો. સંદિપ પાટિલના નેતૃત્વમાં પસંદગી સમિતિની બેઠક ઈંગ્લેન્ડ સામે ટેસ્ટ શ્રેણીમાં કારમી હાર થયા બાદ પ્રથમ વખત મળનાર છે. પાકિસ્તાન સામે ટ્વેન્ટી-૨૦ મેચની શ્રેણી ૨૫મી ડિસેમ્બરથી શરૂ થઈ રહી છે. ૨૫મી ડિસેમ્બરે પ્રથમ મેચ બાદ અમદાવાદમાં ૨૮મી ડિસેમ્બરે બીજી મેચ રમાશે. એવું જાણવા મળી રહ્યુ છે કે ભારતીય ટીમમાં કોઈ ધરખમ ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ઈંગ્લેન્ડ સામેની ટ્વેન્ટી મેચોની શ્રેણી શનિવારે પૂરી થઈ રહી છે. વનડે શ્રેણી સૌથી વધુ ધ્યાન ખેંચી રહી છે. ૩૦મી ડિસેમ્બરથી ચેન્નઈમાં ત્રણ મેચોની શ્રેણી શરૂ થનાર છે. આ શ્રેણી માટે ટીમની પસંદગીને લઈને ભારે સસ્પેન્સ છે. બિનસત્તાવાર અહેવાલમાં જણાવાયુ છે કે સચિન તેન્ડુલકરે વનડે શ્રેણીમાં રમવા માટેની ઈચ્છા વ્યક્ત કરી છે જેથી તેની પસંદગી કરાશે કે કેમ તેને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે. સચિન તેન્ડુલકર એશિયા કપમાં બાંગ્લાદેશમાં ફ્લોપ શો દરમિયાન પણ ટીમનો હિસ્સો રહ્યો હતો. સચિન તેન્ડુલકરની નીવૃત્તિની ચર્ચા ચારેબાજુ ચાલી રહી છે. સચિને તેના ફોર્મને મેળવી લેવા માટે એકબાજુ પ્રયાસ કરી રહ્યો છે. ત્રણ મેચોની શ્રેણી બાદ ૧૧મી જાન્યુઆરીથી ઈંગ્લેન્ડ સામે પાંચ વનડે મેચોની શ્રેણી શરૂ થશે. ક્રિસમસ અને નવા વર્ષ માટે બ્રેક લીધા બાદ ઈંગ્લેન્ડની ટીમ ફરી ભારત આવશે.